# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

## “પ્રાથમિક- શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા” અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા”

## જાહેરનામું

**ક્રમાંક:રાપબો/પ્રા-મા. શિ.પ./૨૦૧૬/૬૮૮૩-૬૯૨૫** **તા:૦૧/૦૯/૨૦૧૬**

શિક્ષણ અને મજુર વિભાગ, ગાંધીનગરના તા. ૯/૧૧/૧૯૮૪ ના ઠારાવ ક્રમાંક : એસ.સી.એચ./૧૦૮૯/૪૦૪૯/છ અન્વયે તા:૩૧/૦૮/૨૦૧૬ ના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર ખાતે મળેલ પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા સમિતિની બેઠકમાં નક્કી થયા મુજબ પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા (શહેરી /ગ્રામ્ય/ટ્રાયબલ વિસ્તાર) માટે મેરીટના ધોરણે લાભાર્થી વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે આગામી **તા:૨૭/૧૧/૨૦૧૬, રવિવારના** રોજ પરીક્ષા યોજવામાં આવશે

**આ પરીક્ષા માટેના આવેદનપત્રો** www.sebexam.org **વેબસાઇટ પર તા:૦૭/૦૯/૨૦૧૬ થી તા:૦૭/૧૦/૨૦૧૬ દરમિયાન ઓનલાઇન ભરવાના રહેશે.**

- **પરીક્ષાનો કાર્યક્રમ :**

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૦૧/૦૯/૨૦૧૬ |
| ૨ | www.sebexam.org વેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૭/૯/૨૦૧૬ થી ૭/૧૦/૨૦૧૬ |
| 3 | પરીક્ષા માટેની ફી પોસ્ટ ઓફીસ ખાતે ભરવાનો સમયગાળો | ૭/૯/૨૦૧૬ થી ૧૦/૧૦/૨૦૧૬ |
| ૪ | શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૧૫/૧૦/૨૦૧૬ |
| ૫ | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવલ કરવાની તથા આવેદનપત્રો DPEO કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૨૧/૧૦/૨૦૧૬ |
| ૬ | DPEO કચેરી દ્વારા તાલુકામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૨૫/૧૦/૨૦૧૬ |
| ૭ | **પરીક્ષા તારીખ** | **૨૭/૧૧/૨૦૧૬** |

## ➢ પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા

**ઉમેદવારની યોગ્યતા :**

- જે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૫માં સરકારી પ્રાથમિક શાળાઓ, લોકલ બોડી શાળાઓમાં (જિલ્લા પંચાયત/મહાનગરપાલિકા/નગરપાલિકાની શાળા) , ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ તથા નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા આપી શકશે.
- પરીક્ષાર્થીએ ધોરણ-૪ માં ઓછામાં ઓછા ૫૦% ગુણ કે સમકક્ષ ગ્રેડ મેળવેલ હોવો જોઇએ.

**અભ્યાસક્રમ :**

- પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે અભ્યાસક્રમ ધોરણ-૧ થી ૪ સુધીનો રહેશે.

## ➢ માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા

**ઉમેદવારની યોગ્યતા :**

- જે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ-૮માં સરકારી પ્રાથમિક શાળાઓ, લોકલ બોડી શાળાઓમાં (જિલ્લા પંચાયત/મહાનગરપાલિકા/નગરપાલિકાની શાળા), ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓ તથા નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા આપી શકશે.
- પરીક્ષાર્થીએ ધોરણ-૭માં ઓછામાં ઓછા ૫૦% ગુણ કે સમકક્ષ ગ્રેડ મેળવેલ હોવો જોઇએ.

**અભ્યાસક્રમ :**

- માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે અભ્યાસક્રમ ધોરણ-૫ થી ૭ સુધીનો રહેશે.

## ➢ પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા ના પ્રશ્નપત્રનો ઢાંચો અને ગુણ :

| કસોટી નો પ્રકાર | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|
| (૧) ભાષા-સામાન્યજ્ઞાન | ૧૦૦ | ૧૦૦ | ૯૦ મિનીટ |
| (૨) ગણિત-વિજ્ઞાન | ૧૦૦ | ૧૦૦ | ૯૦ મિનીટ |

**નોંધ:: અંધ ઉમેદવારોને પરીક્ષામાં નિયમ અનુસાર વધારાનો સમય મળવાપાત્ર થશે .**

## ➢ પરીક્ષા ફી :

| ક્રમ | પરીક્ષાનું નામ | પરીક્ષા ફી | માર્કશીટ/પ્રમાણપત્ર ફી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા | ૨૫/- | ૧૫/- | ૪૦/- |
| ૨ | માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા | ૩૫/- | ૧૫/- | ૫૦/- |

- સર્વિસચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે.

## ➢ આવક મર્યાદા :

પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે પરીક્ષાર્થીના વાલીની આવકમર્યાદાને ધ્યાને લેવામાં આવતી નથી.

## ➢ <u>ઓનલાઇન અરજી કરવાની રીત :-</u>

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન અરજી જ સ્વીકારવામાં આવશે. ઉમેદવાર <u>તા.૦૭/૦૯/૨૦૧૬ (બપોરના ૧૪.૦૦) થી તા.૦૭/૧૦/૨૦૧૬ (બપોરના ૧૫.૦૦ કલાક સુધી)</u> દરમ્યાન www.sebexam.org પર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- 'Apply online ' ઉપર Click કરવું.
- "પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ-૫)" અથવા
  "માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ-૮)" સામે **Apply Now** પર **Click** કરવું.
- **<u>Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌપ્રથમ માગવામાં આવેલ તમામ માહિતી ભરવાની રહેશે.</u>**
- હવે **Save** પર **Click** કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો **Application Number** જનરેટ થશે. **<u>જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.</u>**
- હવે પેજના ઉપરના ભાગમાં **Upload photo- Signature** પર **Click** કરો. અહીં તમારો **Application Number** ટાઈપ કરો અને તમારી **Birth Date** ટાઈપ કરો. ત્યારબાદ **Submit** પર **Click** કરો. અહીં **Photo** અને **Signature upload** કરવાના છે.
- **Photo** અને **Signature upload** કરવા સૌ પ્રથમ તમારો **Photo** અને **Signature JPG format** માં **(10 Kb)** સાઇઝથી વધારે નહીં તે રીતે **Computer** માં હોવા જોઇએ. **Browse Button** પર **Click** કરો. હવે **Choose File** ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં **JPG format** માં તમારો **Photo store** થયેલ છે તે ફાઇલને **Select** કરો. અને **Open Button** ને **Click** કરો. હવે **Browse Button** ની બાજુમાં **upload Button** પર **Click** કરો, હવે બાજુમાં તમારો **Photo** દેખાશે. હવે આજ રીતે **Signature** પણ **upload** કરવાની રહેશે.
- હવે **Confirm Application** પર **Click** કરો. અહીં તમારો **Application Number** ટાઇપ કરો અને તમારી **Birth Date** ટાઇપ કરો. ત્યારબાદ **Submit** પર **Click** કરો. જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો **Edit Application** ઉપર **Click** કરીને સુધારો કરી લેવો. <u>અરજી **Confirm** કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી **Confirm** થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશે નહી.</u>
- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ **Confirm** પર **Click** કરવું. **Confirm** પર **Click** કરવાથી ઉમેદવારની અરજીનો Online સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે.
- હવે **Print Application & Fee Challan** પર **Click** કરવું. અહીં તમારો **Confirmation Number** ટાઇપ કરો અને તમારી **Birth Date** ટાઇપ કરો. ત્યારબાદ **Submit** પર **Click** કરો.
- અહિંથી તમારી અરજીપત્રકની તથા ફી ચલણની પ્રિન્ટ કાઢી લેવી.
- ત્યારબાદ ફી ચલણની સ્લીપ ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઑફીસની શાખામાં ફી રોકડમાં અથવા ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા **ATM CARD/NET BANKING** થી પરીક્ષા ફી ભરી શકશે.

➢ **<u>શાળાએ કરવાની કાર્યવાહી:</u>**

- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.
- શાળાએ ભરાયેલા તમામ ઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે <u>તા-૧૫/૧૦/૨૦૧૬</u> સુધીમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની/ શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

➢ **<u>તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કરવાની કાર્યવાહી:</u>**

- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર <u>તા:૨૧/૧૦/૨૦૧૬</u> ઓનલાઇન અપ્રુવલ કરવાના રહેશે.
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં આવેલ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી <u>તા:૨૧/૧૦/૨૦૧૬</u> સુધીમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

**<u>નોંધ:</u> આવેદનપત્રો રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન અપ્રુવલ કરવા માટેની પદ્ધતિ તથા યુઝર નેમ અને પાસવર્ડ બોર્ડ દ્વારા અલગ પત્રથી તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીને મોકલી આપવામાં આવેલ છે.**

➢ **<u>જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કરવાની કાર્યવાહી:</u>**

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી <u>તા:૨૫/૧૦/૨૦૧૬</u> સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ- ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

➢ **<u>ફી ભરવાની રીત:</u>**

- પરીક્ષા ફી ભરવા માટે ઉમેદવારે અરજી Confirm થયા બાદ ચલણ સ્લીપ પ્રિન્ટ કરી , આ પે સ્લીપ ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઑફીસની શાખામાં ફી રોકડમાં જમા કરાવવાની રહેશે.
- ઉમેદવાર ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD/NET BANKING થી પણ પરીક્ષા ફી ભરી શકાશે.

➢ **<u>જરૂરી આધારો / પ્રમાણપત્રો :</u>**

- ઓનલાઇન ભરેલ આવેદનપત્રની પ્રિન્ટ કાઢી તેની સાથે" **ફી ભર્યાના ચલણ (માત્ર SEB કોપી)"**

  જોડવાની રહેશે.

➢ **<u>માર્ગદર્શક સૂચનાઓ ::</u>**

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓએ/શાસનાધિકારીશ્રીઓએ પોતાના તાબા હેઠળની તમામ શાળાઓમાં આ જાહેરનામાંની નકલ <u>તા-૦૭/૦૯/૨૦૧૬</u> સુધીમાં ફરજીયાતપણે મોકલી આપવાની રહેશે.
- કોઇપણ શાળામાંથી જાહેરનામું ન મળ્યાની કે વિલંબથી મળ્યાની ફરીયાદ આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીની રહેશે.
- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.

- ઓનલાઇન ભરાયેલા તમામ આવેદનપત્રો ઉપર શાળાના આચાર્યશ્રીએ સહિ-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે <u>તા-૧૫/૧૦/૨૦૧૬</u> સુધીમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની/ શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર <u>તા:૨૧/૧૦/૨૦૧૬</u> ઓનલાઇન એપ્રુવલ કરીને તમામ આવેદનપત્રોની હાર્ડકોપી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાની રહેશે.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી <u>તા:૨૫/૧૦/૨૦૧૬</u> સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ- ગાંધીનગર ખાતે જમા કરાવવાની રહેશે.

➢ **<u>અગત્યની સૂચનાઓ ::</u>**

- **ઉમેદવાર અથવા શાળાઓ તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલશે તો તે રદ ગણવામાં આવશે.**
- **અરજી ફોર્મ ચોકસાઇ પૂર્વક ઓનલાઇન ભરવાનું રહેશે. નામ, અટક,જન્મ તારીખ,જાતિ કે અન્ય કોઇ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરી આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**
- **અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.**
- **જિલ્લા કક્ષાએથી પ્રકાશિત થતાં શૈક્ષણિક મેગેઝિન/વર્તમાનપત્રોમાં પણ જાહેરનામું પ્રસિદ્ધ કરી વધુમાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત થાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.**
- **વિદ્યાર્થી હિતને ધ્યાને લઇ, જિલ્લાની દરેક શાળામાંથી ઓછામાં ઓછા ૫ (પાંચ) વિધાર્થીઓના આવેદનપત્ર ભરાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.**

**સ્થળ: ગાંધીનગર**

**તારીખ:૦૧/૦૯/૨૦૧૬**

**( પી.એ.જલુ )**
**અધ્યક્ષ**
**રાજય પરીક્ષા બોર્ડ**
**ગાંધીનગર**

➢ **<u>નકલ રવાના અમલાર્થે</u>**

(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.

(૨) શાસનાધિકારીશ્રી, તમામ
આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ.

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

(૪) જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

(૫) ચીફ પોસ્ટ માસ્ટર જનરલ, ખાનપુર, અમદાવાદ

➢ **<u>નકલ સાદર રવાના જાણ સારૂ.</u>**

(૧) અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરીની કચેરી, ગાંધીનગર

(૩) નિયામકશ્રી, પ્રાથમિક નિયામકની કચેરી, બ્લોક નં:૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર